# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

નગર ચોખ્ખુ ચણક, એમઓયુ થાય ન થાય!
થયું તંત્ર વાઇબ્રન્ટ, એમઓયુ થાય ન થાય!
વિખ્યાત થયું વિશ્વમાં, એમઓયુ થાય ન થાય!
છવાયું આખા દેશમાં, એમઓયુ થાય ન થાય!
(ગુજરાત ઝળક્યું..)

## હાઇકુ

આયોજન નું
સફળ પ્રાયોજન
આ સંયોજન..

લેવાઇ નોંધ
ગુર્જરી વિકાસની
સમગ્ર વિશ્વે..

(ગુજરાત વિશ્વનાં નકશા પર)

## ચિંતન

જપ તપ મખ સમ દમ વ્રત દાના, બિરતિ બિબેક જોગ બિગ્યાના ।
સબ કર ફલ રઘુપતિ પદ પ્રેમા, તેહિ બિનુ કોઇ ન પાવઇ છેમા ॥

(ઉત્તરકાંડ - ૯૪/૩)

'તુલસીકૃત રામચરિત માનસની આ ચોપાઇ કહે છે કે : જપ-તપ, યજ્ઞ શમ-દમ, વ્રત-દાન વૈરાગ્ય, વિવેક, યોગ, જ્ઞાન-વિજ્ઞાન વગેરે કરવાનું પરિણામે ધ્યેય-ફળ, કેવળ રામચંદ્ર પ્રભુના ચરણોમાં પ્રેમ પ્રાપ્ત કરવાનું જ છે. તેના વિના કોઇને ક્ષેમ-કુશળ-શાંતિ-પ્રાપ્ત થતાં નથી.'

ઇશ્વર-ખૂદા-ગોડ-પરમ તત્ત્વ જ છે, તે જ જ્ઞાન અને સત્ય છે દિવ્ય જ્ઞાન થતાં 'હું કોણ છું' નું ભાન થઇ જાય છે. જીવનનું ધ્યેય-હેતુ પણ સમજાઇ જાય છે. સુખ-શાંતિ પ્રાપ્ત કરવાની સાચી રીત દિશા મળી જાય છે. 'વિવેક' જાગી જાય છે.

આ ધ્યેય-પ્રાપ્તિ-શાંતિના શિખર સુધી પહોંચવાના અનેક માર્ગ છે. કોઇ નિર્લેપ કર્મયોગ દ્વારા લોકસેવા-સમાજસેવા દ્વારા ત્યાં જવા પ્રયત્નશીલ છે. કોઇ ભક્તિયોગ દ્વારા બધા જ બંધન-મોહ-માયા છોડી નરસિંહ-મીરાં જેમ સમર્પિત ભક્તિ દ્વારા તેને પ્રાપ્ત કરી શક્યાં હતાં.

એવી રીતે આધ્યાત્મિક વિધિઓ, ઉપાસનાઓ-જપ-તપ-ધ્યાન વગેરે પણ ઇશ્વર કૃપા પામવા માટેના ઉપાયો છે. ઇશ્વરને પામવો એટલે જીવનની સાચી દિશા અને દૃષ્ટિને પ્રાપ્ત કરવી જેનાથી સુખ-શાંતિ મળે, સંતાપ દૂર થાય.

## સુવિચાર

- સિધ્ધાંત માટે લડવું જેટલું સરળ છે એટલું જ કઠિન તેનું પાલન કરવું છે - **ઓલ્ફ્રેડ એલડર**
- માણસની પ્રામાણિકતાનું પ્રમાણ એ છે કે તે પોતાના સિધ્ધાંત માટે સર્વસ્વ હોમી દેવા તૈયાર હોય છે - **લોવેલ**
- માણસની અડધી હોંશિયારી તેનામાં રહેલી હિંમત અને સાહસવૃત્તિમાં છે - **જ્યોર્જ એલિયટ**
- જેનામાં ન્યાયને સહકાર આપવાનું સાહસ નથી તે ભલેને જૂથમાં હોય છતાં નબળાં-ગુલામ છે - **લોવેલ**
- સાહસ, ભયને જોઇ આંખ મીંચી નાખવામાં નથી પણ ખૂલી આંખે સામનો કરવામાં છે - **રિસ્ટર**
- જેણે કદાપિ જોખમ ઉઠાવ્યું જ નથી, તેનો સાહસી હોવાનો દાવો પોકળ છે - **રોશે કોકાલ્ડ**
- સાહસિક મનુષ્યની પહેલી ઓળખ એ કે એ સદાય નિશ્ચિંત હોય છે- **એસ. ભટ્ટાચાર્ય**

## બોધ કથા

આજે કમાણી માટે સૌ શોર્ટકટ શોધે છે. કૌભાંડી-ખાયકી-છેતરપીંડી, ઠગાઇ-એકના બમણાં, ખોટાં બિસ્કીટો વગેરે. બધાને વગર મહેનતે ધનિક થવું છે. પરિશ્રમ વિના પેટ ભરવું છે.

યાકુજો નામના ઝેન ગુરૂ હતા. ચીનમાં એમનો આશ્રમ હતો. પરિશ્રમના સિધ્ધાંત પર પંદર-વીસ શિષ્યોને જીવનની તાલીમ આપતા હતા. યાકુજો ખૂદ એંસી વર્ષના હતા. પણ એમનો એક સિધ્ધાંત હતો. 'જે માણસ કામ કરતો નથી એનો અન્ન પર જરા પણ અધિકાર નથી' આ સિધ્ધાંત ને એ ચુસ્ત રીતે વળગી રહ્યાં હતા એટલે જ સ્તો એંસી વર્ષ પણ બાગકામમાં, શાકભાજી ઉગાડી ખાતર-પાણીનું ધ્યાન રાખથા અને નાનું-મોટું ખોદકામ જાતે જ કરતાં.

એક દિવસે શિષ્યોએ વિચાર્યું-ગુરૂજી એંસી વર્ષે પણ સખત પરિશ્રમ કરે છે એ યોગ્ય નથી. હવે આપણે તેને આરામ આપવો જોઇએ. આવું વિચારી એમણે ગુરૂજીના બાગકામનાં બધાં જ ઓજારો છુપાવી દીધાં. ગુરૂજી સવારથી જ કામકાજ કર્યા વિના બેચેન રહ્યા. બપોરના ખાધું નહીં. આમ બે દિવસ પસાર થઇ ગયા. શિષ્યોએ ભોજન ન લેવાનું કારણ પૂછ્યું, 'ગુરૂ કહે મારાં ખેતીનાં ઓજાર મળતા નથી.'

શિષ્યોએ શાંતિથી ઓજાર એમની જગ્યાએ રાખી દીધાં. ઝેન ગુરૂએ બાગકામ કર્યું, પછી જ ભોજન લીધું.

# ભગવાનના ધ્યાનને મૂર્તિમંત કરતું ધ્યાની સ્વામીજીકૃત ધ્યાન પ્રકાશ

વર્તમાન યુગમાં મનુષ્યના તનમનમાં રોગોનો સત્વરે નેષ્ટનાબૂદ કરવા અને મનની શાંતિ અર્થે એક ત્વરિત ઉપાય તરીકે ડોકટરો દર્દીઓને યોગ કરવાની, ધ્યાન કરવાની ભલામણ કરવા લાગ્યા છે. વૈજ્ઞાનિકોએ પણ અનેક પ્રયત્નો બાદ એવો નિષ્કર્ષ રજૂ કર્યો છે કે યોગ અને ધ્યાન એ શારીરિક માનસિક રોગો વિટંબણાઓ ત્વરિત દૂર કરવાના ઉપાય છે.

ગાંધીનગર સેકટર-૨ના શ્રી સ્વામિનારાયણ મંદિરના મહંતશ્રી તથા કણભા ગુરૂકુળના મેનેજિંગ ટ્રસ્ટીશ્રી ધ્યાની સ્વામી શ્રી હરિસ્વરૂપ દાસજી, ઉ.વ.૯૦, ભગવાન શ્રીહરિના સાદર્મ્યપણાને પામેલા છે. આજે 'ધ્યાની સ્વામી'ના નામથી ભાગ્યે જ કોઇ અજાણ હશે. પૂ. ધ્યાની સ્વામીજી સ્વદવદમમાં અખંડ ભગવાનને ધારી રહી આ જૈફવયે લોક કલ્યાણના અનેક વિધ કર્તવ્યો પૂર્ણ કરી રહ્યાં છે. અંદાજે સાત દાયકાના ધ્યાનના સ્વાનુભાવોનું અતિ સુંદર લોકોપયોગી પુસ્તક 'ધ્યાન પ્રકાશ', સંપ્રદાયના અમદાવાદ ગાદીનાં આચાર્યા મહારાજશ્રી કોશબેન્દ્ર પ્રકાશ મહારાજના શુભાશીર્વાદથી સં. ૨૦૬૩ ચૈત્ર સુદ-૯ શ્રી સ્વામિનારાયણ ભગવાનનો પ્રાગટ્ય દિને તા. ૨૭મી માર્ચ, ૨૦૦૭નાં શુભદિને પ્રકાશમાન થયું.

અનેક વચનામૃતો તથા શિક્ષાપત્રીમાં શ્રીહરિએ સ્વયં કહેલું છે કે ભગવાન સદા આકાર સ્વરૂપ છે. ભગવાનને દેહ માયિક હાડ, માંસ, રક્તવાળો નહિં કિન્તુ દિવ્ય તેજોમય છે. મનુષ્યના પીંડ જેવો ન હોવાથી કેટલાક દાર્શનિકો તે દિવ્યતાને નિરાકાર કહે છે. શિક્ષાપણીમાં શ્રી હરિ વર્ણવે છે તે મુજબ ભગવાન સદા આકાર અને દ્વિભુજ છે. છતાં અષ્ટભુડ અને સહસ્ત્રભુજ જણાય એ તો તેઓની યોગ કળાને કારણે જ જણાય છે.

## ચિંતન સભા

- પ્રા. સૂર્યકાન્ત ભટ્ટ



**ધ્યાનનું મહાત્મ્ય :**

આપણા કારણ શરીરની વાસના જડમૂળથી નાબૂદ કરવા ભગવાનનું ધ્યાન આવશ્યક છે. જેમ આંબલીયાનું ફોતરૂં તેને શેકવાથી દૂર થાય તેમ, ભગવાનના ધ્યાનને કારણે શરીરની વાસના દૂર ટળી જાય, તેવું કારીયા ભીના ૧૨માં વચનામૃતમાં શ્રી સહજાનંદ સ્વામીએ સમજાવ્યું છે. આ વાસના ટાળયા વિના કોઇને અક્ષરધામની પ્રાપ્તિ થતી જ નથી.

**ધ્યાન કરવા માટે કેટલીક શરતો :**

ધ્યાન સિધ્ધ કરવા માટે શુધ્ધ અને સાદો આહાર લેવો જોઇએ. તમસ પેદા કરે તેવા કાંદા, લસણ, મરચું, મરી, મસાલા વાળા ખોરાક વર્જ્ય છે. હોટલ, રેસ્ટોરંટના ખોરાક ન લેવા જોઇએ. ભગવાનને ધરેલું અન્ન માનસીપૂજા બાદ આરોગવું જોઇએ. જળ પણ ગાળીને પીવાય તેમ દૂધ-ઘી ગરણાથી ગાળવા. એજ આવશ્યક છે. નશો કરતાં પદાર્થો, ભાંગ, મફર, ગાંજો, તમાકુ, ગુટખા તથા દારૂ, માંસ, ઇંડા, મચ્છી આદિ વર્જ્ય છે. સંતોને અષ્ટ પ્રકારનું બ્રહ્મચર્ય રાખવા ભગવાનની આજ્ઞા છે, તો ગૃહસ્થોને એક પત્નીત્વ રાખવા, તેમાં પણ વ્રતતપના દિવસોઓ પણ બ્રહ્મચર્ય પાળવા શાસ્ત્રવિદોએ અનુગ્રહ કર્યો છે.

ધ્યાન કરનારે સ્વચ્છ સ્થળમાં ઊન, રેશમ કે દર્ભનું આસન રાખી પૂર્વાભિમુખે કે ઉત્તરાધિમુખે બેસીને ધ્યાન કરવું. સુખાસન કે સ્વસ્તિક આસને બંને હાથની હથેલીઓ એકબીજા પર રહે તે રીતે પોતાના ખોળામાં રાખવી. નાસિકા ગ્રહ દૃષ્ટિ કરીને કોઇ ટેકા વિના બેસવું. ભોજન કર્યા પછી એક કલાક બાદ તથા ફળો લીધા બાદ અડધો કલાક પછી ધ્યાન કરી શકાય.

**ધ્યાનાર્થે સ્થિર દૃષ્ટિનો ઉપાય ત્રાટક :**

ભગવાનની જે મૂર્તિ કે છબી આપણને પ્રિય હોય કહેતાં જે સ્વરૂપ પ્રિય હોય તેને આશરે ત્રણ ફૂટ જેટલી દૂર ટેબલ પર રાખી મૂર્તિના કે ચિત્ર પ્રતિમાના અંગોઅંગ સ્પષ્ટ નીરખી શકાય તેની સામે મટકું માર્યા વિના એકીટશે જોવા કરવું? શ્વાસે શ્વાસે ભગવાનનું નામ લેતાં રહેવું. આંખો બળે, અશ્રુ નીકળે તો પણ મટકું ન મારવું, પાંચ મિનિટ, દશ મિનિટ, અડધો કલાક કે પછી કલાક આમ કરવાથી મનના ઘાટ ટળી જશે. વૃત્તિ સ્થિર થઇ જશે, ગઢડા મધ્ય પ્રકરણના ૧૦મા વચનામૃતમાં આ વાતનો નિર્દેશ છે.

**ધ્યાનના પ્રકારો :**

લોમ, અનુલોમ અને પ્રતિલોમ એવા ત્રણ પ્રકારો ધ્યાનના છે. દૂરના સ્થળોની મૂર્તિ અહિં બેઠા સંભારવી એને લોમ ધ્યાન કહેવાય. આપણે મૂર્તિની સામે ઉભા રહી મૂર્તિના દર્શન કરતા કરતાં અંતરમાં ઉતારતાં રહીએ તે અનુલોમ ધ્યાન અને હનુમાનજીએ પોતાની છાતી ચીતરીને રામ લક્ષ્મણ જાનકીજીના દર્શન કરાવ્યા તે પ્રમાણે ભગવાનને હૃદયમાં બિરાજમાન કરવા તે પ્રતિ લોમ ધ્યાન કહેવાય છે. જે સિધ્ધ કરવું કઠીન છે. સમજાવવું પણ કઠીન છે.

**ધ્યાનનું અન્ય વર્ગીકરણ :**

ધ્યાનના અન્ય ચાર પ્રકારો શાસ્ત્રકારોએ વર્ણવ્યા છે

(૧) સ્વાંગ ધ્યાન
(૨) ઉપાંગ ધ્યાન
(૩) સપાર્ષદ ધ્યાન અને
(૪) સલીલ ધ્યાન

ધ્યાન કરવા બેસીએ ત્યારે પોતાના ત્રણ દેહના ભાવ રાખી બ્રહ્મરૂપ પ્રકાશમાની તેને અક્ષરધામ માની જ્ઞાને કરીને બધું ખોટું કરી નાખવું અને ભગવાનના જમણાં ચરણમાં ૯ તથા ડાબા ચરણમાં ચિન્હોને છે તે એક એક ચિન્હનું ધ્યાન કરી ભગવાનનું નખથી શિખા પર્યંત ધ્યાન કરવું. જેને સ્વાંગ ધ્યાન કહેવાય છે.

ભગવાને ધારણ કરેલા વસ્ત્રો અને ઘરેણાં નીરખી આ મૂર્તિ હૃદયમાં ઉતારતાં જવી એ ઉપાંગ ધ્યાનનું દૃષ્ટાંત છે. જયારે ભગવાન સુંદર વસ્ત્રાલંકાર ધારી ઢોલીયા ઉપર બિરાજમાન હોય ચોમેર સંતો, મુનિઓ, ભક્તજનો બિરાજમાન હોય, ભગવાનની અમૃતવાણીનું પાન કરી રહ્યા હોય આવું ધ્યાન સપાર્ષદ કહેવાય. જયારે ભગવાન સાધું સંતોની પંક્તિને પીરસતાં હોય, રંગે રમતાં હોય તેને લીલા ચરિત્ર વાળું સલીલ ધ્યાન કહેવાય છે.

**ધ્યાનનો આરંભ :**

પોતાનાં અંતરમાં અખંડ ભગવાનની ભાવના કરીને પોતાની સકલ ચિત્તવૃત્તિને એ સ્વરૂપમાં તકાદાર રાખવી. જેમ કાચબો પોતાની ઇન્દ્રિયોને ઉદરમાં સમાવી લે છે તેમ ભગવાન સિવાય કોઇ સંકલ્પ જ ઉઠે ત્યારે ધ્યાનનો આરંભ થવો સમજવો. અંતરમાં ઠંડા ઠંડા શેરડા પડવા લાગે. મ.પ્ર.ના ૨૪માં વચનામૃતમાં કહેવાયું છે કે જ્ઞાને કરીને જયારે એકાત્મ સ્થિતિ થાય છે ત્યારે એકરસ ચૈતન્ય ભાસે છે.

**ધ્યાનની ફલશ્રૂતિ :**

અમદાવાદના ત્રીજા વચનામૃતમાં શ્રીહરિએ વર્ણવ્યું કે ભગવાનનો ભક્ત ધ્યાન કરતાં કરતાં ભગવાનની મૂર્તિમાં તલ્લીન થઇ જાય છે. જેને ઉપશમ દશા કહે છે. ઉપશમ દશાવાળાને જન્મ મરણના ફેરા ટળી જાય છે. શતાનંદ સ્વામીએ સત્સંગથી જીવનમાં ધ્યાન કરવાની વાત લખી છે, ભક્ત ચિંતામણીના ૧૪૧માં પ્રકરણમાં, આ વાત લખી છે, ગોરધનભાઇ, પર્વતભાઇ આદિ તથા બ્રહ્માનંદ સ્વામી, પ્રેમાનંદ સ્વામી, નિષ્કળાનંદ સ્વામી, આચાર્ય મહારાજશ્રી અયોધ્યા પ્રસાદજી અખંડ ભગવાનને ધ્યાનમાં નીરખતા.

અમદાવાદ ગાદીના આચાર્યા મહારાજ શ્રી દેવેન્દ્ર પ્રસાદજીએ સં. ૨૦૦૪માં પૂ. ધ્યાની સ્વામીને બોલાવી તેઓશ્રીની ધ્યાની તરીકેની ખ્યાતિથી વાકેફ થઇ તેઓશ્રઈના મસ્તક પર પોતાનો કૃપાળુ કર રાખી ભગવાનનું સવિશેષ ધ્યાન કરવા રૂડા આશીર્વાદ પાઠવેલા, તેવી રીતે આચાર્ય મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજે પણ સવિશેષ ધ્યાન કરવા અંતરના આશીર્વાદ પાઠવેલાં છે. ભગવાનનું યથેષ્ઠ ધ્યાન કરવાનું શ્રીજી મહારાજે ગઢડા પ્રથમનાં ૨૦માં પ્રવચનામૃતમાં, ગઢડા પ્રથમમાં પાંચમા તથા ગઢતા પ્રથમના દશમાં વચનામૃતમાં અનુરોધ કર્યો છે.

# મુંબઇમાં વસતાં વ્યક્તિઓને મુંબઇગરાઓ કહેવાય તો સ્ત્રીઓને મુંબઇગરીઓ?

## ધૂપસળી ધૂણાવે આકાશ
## વાતોનાં વડાં ને મેથીના ગોટા

(હાસ્યલેખ)

- ગિરા પિનાકીન ભટ્ટ

ન બોલ્યામાં નવ ગુણ અને બોલે એનાં બોર વેચાય... બોલો શું કરવું...? અરે! આ નવ નવ ગુણો આપમેલે કેળવાશે ને એ કારણે તો પેલા નગુણાનાં બોર જ ન વેચાયા. ભોગ! નસીબ એનાં, બીજું તો શું?

ગ્રંથ ગરબડ કરી વાત ન કરી ખરી -

આપણે નરસૈયા કેટલું સાચું ભાખી ગયો.

ગ્રંથની વાત વેગળી મૂકી દઈએ તો આ કહેવાતો પણ 'કાણાને કાણો કહેવાય નહીં'ને 'કાણાને કાણો ન કહીએ તો બીજું શું કહીએ?' જેવી વિરોધી વાતો કરી છે. 'જેહને જે ગમે તેહ પૂજે' પુનઃ નરસિંહ મહેતાને પ્રમાણ પાઠવી વાતને વરઘોડે ચડાવું.

મુંબઈગરાઓ, મજાના માણસો હોં. રાત તો એમના બાપની જ. પણ... બાપ સાથે ના હોવા જોઈએ એ શરતે! દિવસે દોડધામ ને નાસભાગ. 'દુનિયાભરની બધી રમતો ચોવીસ કલાક રમતા માનવો એટલે મુંબઇ વાસીઓ.' આમ મેં મુંબઈવાસીઓને કાજે એક ચોક્કસ માપદંડ કે ચોક્કસ વ્યાખ્યા બાંધી દીધી. પણ વ્યાખ્યાઓથી વાત કંઇ પતે...? દાખલો તો જબ્બર અઘરો હોં ભાઈ! ગડમથલોના અંતે ઉત્તર મળશે જે એની કોઈ ગેરંટી નહીં. મુંબઈમાં વસતાં વ્યક્તિઓને મુંબઈગરાઓ કહેવાય તો સ્ત્રીઓને મુંબઈગરીઓ?

બસ, આ મુંબઈની મહિલાઓની ચર્ચા આ મગજ વગરના મગજે ટૅપ કરી, 'આ... છે ને... દેશમાં ઠંડી બહુ પડે, બાપ રે! ત્રણ-ત્રણ બૅગ તો ગરમ કપડાંની જ થઈ. દેશમાં આ ઠંડીમાં ના રહેવાય...' બીજી એ તરત ભડાકો કર્યો. 'તેં હેં બેન, તમે... તમે... પરદેશમાં રહો છો...?'

'ના, ભાઈ ના, અમે તો મુંબઈમાં રહીએ છીએ.'

OK, આ દેશ-પરદેશનો મામલો ગુંચવી નાખે તેવો લાગે કે નહીં?

ત્યાં તો બીજી બેને વાત વધારી. ટ્રેનમાં મહિલાઓનો ડબ્બો, અને ખાવા ટાણે મોં બંધ રહે... વળી પાછું ગપ, ખાવા ટાણે મોં બંધ રે, તો ખાય કેવી રીતે? સાવ અક્કલ વગરની વાતો Stop વાતો અને મહિલાયો...

આ બાબતે દુનિયાની આઠ, નવ કે જેટલી ગણો એટલી અજાયબીઓમાં સૌથી મોખરે આ અજાયબી હોવી જોઈએ... જણાવો તમારો અભિપ્રાય.

ત્યાં એક બહેને વાત નહીં ચીનની દિવાલ ચણી... તમારી વાત સાવ સાચી હોં. હું પણ ત્યાં જાઉં ને તો બે-ત્રણ બીસ્તારા તો ગરમ કપડાંનાં જ થાય. અહીં એવું નથી. ઠંડી ત્યાં વધારે અને અહીં ઓછી. બસ, આ વાત અનુસંધાને જ ચીનની દિવાલ ચણાઈ હશે.

ત્યાં તો બાજુમાંથી જ બેઠેલી એક સ્ત્રીએ ખભો માર્યો, ના બાબા! એ બોક્સીંગ ન્હોતી કરતી, એથલેટ પણ ન્હોતી, આ તો એક સ્વાભાવગત.

'હેં બહેન... તમે... તમે... કેટલાં વરસથી મુંબઈમાં રહો છો?'

કેમ?

બસ, એમ જ પૂછું છું.

'હું... હું... અમે બધા લગભગ પચીસેક વરસથી મુંબઈમાં સ્થાઈ થયા છીએ.'

'ખોટું ... સાવ ખોટું, અહીં રહેનારીઓ બધી જ એમ જ બોલે... દેશમાં અને... અને...'

'તાલ સે તાલ મિલા...' પણ કોઈના ય હાલ બેહાલ થયાનું જાણ્યામાં નથી. બે ઘડી લડી લેવાનું, તું તારી, તારાભાઈ - મારાભાઈ, તારી સાસુ-મારી સાસુ ને ઘણું બધું તું... તું.. મેં... મેં... કરવાનું, ને વળી પાછા ભેગા બેસી તુવેર ફોલવાની કે મેંથી સમારવાની!

વાત પાયાની એ કે ગુજરાતમાં ઠંડી વધારે પડે ને મહારાષ્ટ્રમાં ઓછી. પણ એ વાતને આધારે ચીનની દિવાલનો રેકોર્ડ તુટ્યો. અને એનો ખરો યશ સ્ત્રીઓને ફાળે જાય છે.

હા, તો તને ફરવા આવવું છે?

ના,

તને મારી સાથે ગમે છે?

ના,

તને મારી સાથે ફરા આવવામાં કોઈ વાંધો છે?

ના.

બસ, આ સ્પષ્ટ 'હા'.. કે 'ના' જેવા જવાબ આપવાની આ વાત નથી.

કોઈને શું યોગ્ય લાગશે કે અયોગ્ય? આપણે શું બોલવું કે ન બોલવું, અરે? બીજાને ગમે તેવું કે અન્ય વ્યક્તિને ધ્યાનમાં લઈને પણ થોડું બોલાય છે? ... ચાલો... તમને ગમે એવું હું બોલું છું.


(અનુસંધાન પાના નં. ૬ પર)

## આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

**૧૩મી જાન્યુઆરી**

- અકબરના દરબારના નવરત્નોમાંના એક અબુલ ફઝલની જન્મજયંતિ - ૧૩-૧-૧૫૫૧. 'અકબરનામા' તેમનો ગ્રંથ, ઉચ્ચ કોટીના વિદ્વાન, ઇતિહાસકારની પ્રતીતિ કરાવે છે. દિને-એ-ઇલાહી, વિશ્વધર્મની સ્થાપના અકબરે કરી. તેમાં અબુલ ફઝલનું અગ્રીમ યોગદાન હતું. ૧૬૦૦માં તેમનું અવસાન થયું.



- ૧૯૪૦ - જલિયાંવાળા બાગના ખલનાયક જનરલ ડાયરની સરદાર ઉધમસિંહ દ્વારા લંડનમાં હત્યા.
- ૧૯૩૨ - ગુજરાતી ગરબા કાવ્ય સંસ્કૃત સાહિત્યમાં પ્રદાન કરનાર દીવાન રણછોડજી અમરજીનું મોરબીમાં અવસાન.
- ૧૯૬૯ - પોપટલાલ ગોવિંદજી શાહ 'આપણી ગુજરાતી' ભાવનાને પ્રસરાવનારનું અવસાન.
- ૧૮૭૭ - સચિત્ર પત્રકારત્વ દ્વારા પ્રજાને સાહિત્ય, પત્રકારત્વનો પરિચય કરાવનાર નાટ્યલેખક હાજી મહંમદ અલ્લારખિયા શિવજીનો મુંબઇ ખાતે જન્મ.

# ટુકડામાં જતી જમીન સરકાર થતા ખેડૂત, ખેડૂત ખાતેદારથી મટી જતો હતો, હવે ખેડૂત ગમે તે જગ્યાએ પોતાના બજેટમાં ટુકડા જમીન ખરીદી પોતે ખેડૂત ખાતેદાર ચાલુ રહી શકશે

## નવા સુધારેલા ટુકડા ધારા અંગે સમજૂતી

## વાત કાનૂન કાયદાની...

- અશ્વિન વી. ત્રિવેદી

જમીનના ટુકડા પડતાં અટકાવવા માટે **Prevension & Fregmentation Act** ની કલમ - ૭ મુજબ ટુકડા ધારા અમલમાં હતો જે મુજબ જમીનના ટુકડાનો દસ્તાવેજ થાય તો એ અમાન્ય ગણી મૂળ માલિકના નામે અગર તો સરકાર શ્રી જમીન કરવામાં આવતી તેમજ ૨૫૦/- જેટલા દંડની જોગવાઇ હતી. આ ટુકડા પ્રતિબંધિત ધારામાં જરૂરી સુધારા વધારા મંજૂર કરવામાં આવતા હવેથી ટુકડા જમીનના પણ વેચાણ દસ્તાવેજ માન્ય ગણાશે. અને રાજયનો ખેડૂત ગમે તે જગ્યાએ ખેતીની જમીન ખરીદ-વેચાણ કરી શકશે. તેમજ જે જમીનના 'બ્લોક વિભાજન'ની અલગથી પરવાનગી લેવી પડશે નહીં.

અગાઉ, વારસદારો વચ્ચે એક સર્વેનંબર કે બ્લોક નંબરવાળી જમીનની વહેંચણી કરવામાં આવતી ત્યારે ટુકડા જમીનના બ્લોક વિભાજનને મંજૂરી આપવામાં આવતી નહીં. ટુકડો પડે તો જમીન ખરીદી કે વેંચી શકે નહીં. ૨૦ ગુઠા કરતાં ઓછી પીયતવાળી જમીન તેમજ ૨ એકર કરતા ઓછી બિનપિયત જમીનના વેચાણ થતાં નહોતા. જે મુંબઇ ટુકડાધારાનાં નામે ઓળખવાં આવતો હતો. જમીનની વહેંચણી સમયે વારસદારો વચ્ચે ઝઘડા થતા પરિણામે સિવિલ કોર્ટમાં વહેંચણીના દાવા દુવીમાં વધારો થયેલ જે નિવારવા માટે તથા ઝઘડાનું નિવારણ લાવવા વારસદારો પોતાના ભાગે આવતી ભાઇઓ ભાગની જમીનમાં માલીકી હક્કે નામ દાખલ કરાવી શકશે. અગાઉ ઓછા ટુકડાનું અલગ ખાતું બનતું નહોતું જેથી વારસદારોની સહ હિસ્સેદારીની સંખ્યા ખૂબ જ વધી જતી હતી. પરિણામે સ્થળ ઉપરના ભાગની વહેંચણીમાં પણ ઝઘડાનો અવકાશ રહેતો હતો. સર્વે નંબરના આજુબાજુવાળા જમીન માલિક સિવાય આવી ટુકડાની જમીન વેંચી શકાતી નહોતી, જેથી ખેડૂતોનું શોષણ થતું તેમજ આજુબાજુના જમીન માલિકો આવી જમીન સસ્તામાં પડાવી લેતાં, સ્વતંત્ર ૭ X ૧૨ ના ઉતારાઓ થવાની વધારે સહ માલિકો, સહ હિસ્સેદારો કે ખાતેદારો નહીં હોય, સહ હિસ્સેદારો ઘટતાં બેન્ક લોન, ધિરાણ તેમજ વીજ કનેકશન મેળવવામાં પડતી મુશ્કેલીઓનો અંત આવશે. તેમજ બ્લોક વિભાજન માટે લાંબી પ્રક્રિયામાંથી બચાશે. કલેકટરશ્રીની પૂર્વ મંજૂરીની જરૂર નહીં રહે.

અત્યાર સુધીમાં કાયદામાં રહેલી આંટીઘૂંટીના કારણે ૨૦ ગુઠા એટલે કે ૨૦૦૦ ચો.મી. કરતા ઓછી જમીનની ખરીદ વેચાણ થઇ શકતી નહીં. જેના કારણે મોટા ખેડૂતો નાના ખેડૂતોનું શોષણ કરતાં. નાના ખેડૂતોને ટુકડામાં 'પાડોશી પહેલો' એ નીતિથી જમીન વેચાણ કરવી પડતી જેના કારણે ભાવો આછા મળતા તેમજ જમીનમાં મહેનત પ્રમાણમાં આવક પણ ઓછી મળતી, વર્ષ ૨૦૧૧માં વિધાનસભામાં ટુકડા નાબૂદી ધારાને મંજૂરી મળતાં રાજયપાલે જેને મંજૂરી આપતા રેવેન્યુ, અધિકારીઓની કનડગત તથા કથિત ભ્રષ્ટાચારથી 'જગતનો તાત' ખેડૂતને મુક્તિ મળી છે. અને પારદર્શક વહીવટનો વધુ એક પુરાવો રાજય સરકારે આપ્યો છે. તેમજ માત્ર લાગુ સર્વે નંબરવાળાને જ ટુકડાની જમીન વેચાણ આપવી પડે તેવી સ્થિતિનો અંત આવ્યો. જમીનના ભાવો ખેડૂતોને મળતા આર્થિક સધ્ધરતામાં વધારે થશે. તેમજ કાયદાકીય લાંબી પ્રક્રિયાનો ભોગ બનવું પડતું તેમજ સમય અને નાણાંનો વ્યય થતો તે અટકશે. તેમજ રેવેન્યુ તુમારનો જ ભરાવો થતો તેનો નિકાલ થશે. હવે જોવાનું એ છે કે ટુકડાધારા અન્વયે ચાલુ જૂના કેસમાં નિર્ણય ઉપર કેવી અસર અપાય છે. ટુકડામાં જતી જમીન સરકાર થતાં ખેડૂત, ખેડૂત ખાતેદારથી મટી જતો હતો. હવે ખેડૂત ગમે તે જગ્યાએ પોતાના બજેટમાં ટુકડા જમીન ખરીદી પોતે ખેડૂત ખાતેદાર ચાલુ રહી શકશે.

ખેડૂત પરિવારમાં, પેઢી દર પેઢીથી થતી વહેંચણીથી ભાઇઓ ભાગથી, લઇને માર્ગ, નહેર, પાઇપલાઇન, વીજ કનેકશન, માટે સંપાદિત જમીનમાંથી બચતી જમીન ખેડૂતને ના 'ના ઘરના ના ઘાટના' જેવી સ્થિતિમાં મુકી દેતી તે પરિસ્થિતિનો અંત આવશે. રોડ રસ્તામાં સંપાદિત બાદ બાદ વધતી જમીન ખેડૂત માલિકી હક્કથી અલગ ઉતારા બનાવી શકશે અને નામે ખાતે કરી અન્યત્ર વેચાણ ગીરો કે બક્ષીસ રી હક્ક હસ્તાંતર કે ટ્રાન્સફર કરી ઊંચા ભાવો મેળવી શકશે. અને કાયદાકીય આંટીઘૂટીના કારણે નાણા તથા સમયનો વ્યય થતો અટકાવી શકાશે. ઘણો મોટો લાભ 'જગતના તાત' ખેડૂતને થશે તે નક્કી વાત છે.